# આકાશવાણી ભુજ

**સમાચાર વાચક: કલ્પના શાહ**

**કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ**

**તારીખ : ૩૦-૦૫-૨૦૨૪ ગુરુવાર          સમય : સવારે ૬:૪૫ કલાકે**

---

## અંતિમ તબ્બકાની ચૂંટણી માટે પ્રચાર:

લોકસભા ચૂંટણીના અંતિમ અને સાતમા તબક્કા માટે પહેલી જૂનના રોજ મતદાન થવા જઈ રહ્યું છે. આજે સાંજે પ્રચાર પડઘમ શાંત થશે. આ પૂર્વે તમામ રાજકીય પક્ષોએ મતદારોને રિઝવવા છેલ્લી ઘડીના પ્રયાસો કરી રહ્યા છે. આ તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ મળીને 57 બેઠકો માટે મતદાન થશે.

- (RNU અમદાવાદ)

---

## DRDO-મિસાઈલનું સફળ પરીક્ષણ:

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન – **DRDO**એ આજે આડિશાના કાંઠા વિસ્તારમાં હવાથી જમીન પર મારણની ક્ષમતા ધરાવતી રુદ્ર એમ-2 મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યું હતું. ભારતીય વાયુ સેનાના એસયૂ – 30 એમ કે – વન પ્લેફોર્મથી મિસાઇલનું સફળ પરીક્ષણ કરાયું હતું. સંરક્ષણ મંત્રાલયે કહ્યું છે કે પરીક્ષણના તમામ હેતુઓ સિદ્ધ થયા છે.

રુદ્ર એમ-2 સ્વદેશી મિસાઇલ તકનીક છે. જેમાં ડીઆરડીઓની વિવિધ પ્રયોગશાળાઓમાં વિકસીત કરાયેલી અત્યાધુનિક સ્વદેશી તકનીકનો ઉપયોગ થયો છે.

- (RNU અમદાવાદ)

---

## રાજકોટ-ગેમ્ઝોન દુર્ઘટના સંદર્ભે બદલી:

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય આ જે રાજકોટ ગેમઝોન દુર્ઘટના સંદર્ભે બદલી કરાયેલા **IAS** આનંદ પટેલ, રાજકોટના પૂર્વ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ સહિતના ત્રણ **IPS** અધિકારીઓની પૂછપરછ કરશે.

રાજ્ય સરકારે ગેમઝોન દુર્ઘટના બાદ રાજકોટના પૂર્વ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ , પૂર્વ કલેક્ટર આનંદ પટેલ, પૂર્વ શહેર અધિક કમિશનર વિધિ ચૌધરી, ઝોન 2ના પૂર્વ નાયબ પોલીસ કમિશનર ડૉ. સુધીર દેસાઈની તાત્કાલિક અસરથી બદલી કરી હતી.

ગાંધીનગરમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં રાજકોટ ગેમઝોન દુર્ઘટનાની તપાસ માટે રચાયેલી વિશેષ તપાસ ટુકડીના અધ્યક્ષ સુભાષ ત્રિવેદીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે જે જવાબદાર અધિકારીઓ સામે ગૃહમંત્રીએ કાર્યવાહી કરવાની સૂચના આપી છે.

- (RNU અમદાવાદ)

---

## ડીગ્રી અભ્યાસક્રમોમાં પ્રવેશ:

કચ્છ સહિત રાજ્યની પંદર સરકારી વિશ્વવિદ્યાલયના સ્નાતક અભ્યાસક્રમની વિવિધ બેઠકોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ 2 જૂન સુધી ઑનલાઈન નોંધણી કરાવી શકશે. બેચલર ઑફ આર્ટ્સ, બેચલર ઑફ કૉમર્સ , બેચલર ઑફ સાઈન્સ , બેચલર ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન , બેચલર ઑફ કમ્પ્યુટર એપ્લિકેશન્સ સહિતના સ્નાતકકક્ષાના અભ્યાસક્રમ માં ગુજરાત કૉમન એડમિશન સર્વિસીઝ પૉર્ટલ મારફતે 2 જૂન સુધી ઑનલાઈન નોંધણી કરાવી શકાશે.

અત્રે જણાવીએ કે, ગુજરાત કોમન એડમીશન સર્વિસીસ પોર્ટલ દ્વારા પ્રવેશ અંગે રજીસ્ટ્રેશન પ્રક્રિયા ગત પહેલી એપ્રિલ ૨૦૨૪ થી શરુ કરાઈ હતી. 28 મે સુધી 4 લાખ 39 હજાર 865 વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી છે. તે પૈકી 2 લાખ 63 હજાર 115 વિદ્યાર્થીઓ ફી ભરી છે. હજી ઘણા વિદ્યાર્થીઓ નોંધણી ફી ભરી શક્યા ન હોવાની વિવિધ વિશ્વવિદ્યાલયો , મહાવિદ્યાલયો અને વિદ્યાર્થીઓની રજૂઆત શિક્ષણ વિભાગને મળી હતી.

- (RNU અમદાવાદ)

---

## જીલ્લા અગ્નિશમન સાધનો અંગે તપાસ:

રાજકોટ અગ્નિકાંડની ઘટનાના ઘેરા પ્રત્યાઘાતને પગલે સમગ્ર રાજ્યમાં અગ્નિશમનનાં સાધનો તથા એન.ઓ.સી. સહિતના કાગળોની તપાસ હાથ ધરા ઈ છે, જે અંતર્ગત ગઈકાલે ભુજમાં પણ ત્રણથી ચાર વ્યાવસાયિક પ્રતિષ્ઠાનોને બંધ કરાવાયા હતા.

આ ઉપરાંત આ કામગીરી સતત ચાલુ રહે તે માટે સમિતિનું ગઠન પણ કરાયું હતું . અને ફાયર એન.ઓ.સી. તથા સાધનોની તપાસ સતત ચાલુ રહેશે તેવી માહિતી અપાઈ હતી.

આગામી દિવસોમાં હોસ્પિટલો , ટયૂશન ક્લાસ, મોલ અને શોપિંગ કોમ્પ્લેક્સ , હાઈરાઇઝ બિલ્ડિંગ, સિનેમા હોલ, સ્કૂલ-કોલેજ, ધાર્મિક સ્થળો તથા જાહેર સ્થળો કે જ્યાં લોકો એકત્ર થતા હોય તેવાં સ્થળોની તપાસ સતત ચાલુ રહેશે તેવું જણાવાયુ છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## ટ્રેન વ્યવહાર પ્રભાવિત:

પાલઘર યાર્ડ પાસે માલગાડીના ડબ્બા ખડી પડતાં મુંબઈ-અમદાવાદ વચ્ચેના રેલવે વ્યવહારને ભારે અસર પહોંચી છે, જેના કારણે કચ્છથી ઉપડેલી ટ્રેનો પૈકી એક ટ્રેન મુંબઈ પહોંચી શકી ન હતી, જ્યારે બીજી ટ્રેન કલોકો મોડી પહોંચી હતી. આ પરિસ્થિતિનાં કારણે કચ્છ-મુંબઈ આવતા-જતા હજારો પ્રવાસીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. ગાંધીધામથી કર્ણાટક વચ્ચે દોડતી સાપ્તાહિક ટ્રેનના રૂટમાં પરિવર્તન કરવામાં આવ્યું હતું. આ રુકાવટને પગલે મુંબઈ આવતી ટ્રેનો બાધિત થઈ હતી. પરંતુ ડાઉન લાઈન ચાલુ હોવાના કારણે મુંબઈથી ઉપડેલી ટ્રેનો નિર્ધારિત સમયે ભુજ પહોંચી આવી હતી.

- (સી. પટ્ટણી)

---

## જીલ્લામાં ધૂળિયો માહોલ:

રાજ્યના અનેક ભાગોમાં ભીષણ ગરમી બાદ રાહતના સમાચાર છે. હવામાન વિભાગે રાજ્યના વિવિધ ભાગોમાં ભારે પવન સાથે કેટલાક વિસ્તારોમાં વંટોળની શક્યતા વ્યક્ત કરી છે. કચ્છ સહિત રાજ્યના ઘણા ભાગોમાં તાપમાન ઘટ્યું છે.

છેલ્લા બે દિવસથી કચ્છમાં ફૂંકાતા તોફાની પવનનાં કારણે આકરા તાપમાંથી રાહત મળી છે, પણ સરેરાશ 20થી 25 કિલોમીટરની ઝડપે ફૂંકાતા પવનનાં કારણે જિલ્લામાં ધૂળનું સામ્રાજ્ય છવાયું છે.

(RNU અમદાવાદ, સ્થાનિક સમાચારપત્ર)

---